નકલ ૧૦૦૦

કુમારિકા હિતોપદેશ

આ

ગાવાનાં (ગીત)

પદ. ધોળ. ગરબીઓ આદી

જુદાં જુદાં રાગનાં ગીત.

[illegible]

[illegible] જટાશંકર ગવરીશંકર મેહતા

ચોપડી

અમદાવાદ:

[illegible]

[illegible]

[illegible]

સંવત ૧૯૫૮.

કિમત ૨।। આના

કુમારિકા હિતોપદેશ.

વિદ્યા ભણવા વિષે.

વહાણુ મુશ્કિલ.

(૧) પદ રાગ ધોળ

ચતુર ભણી આવીઆ. એ આજ
ભવ દરિએ વિદ્યા વાહાણે બેસીનાં,
સુખ આલય સહેજે જવાય; વિદ્યા ભણિયે ભાવથી.
ફળ સાર વૈભવ જશ, માન ઘણાં;
ટળવા કષ્ટ સુતકી થવાય; વિદ્યા ભણિયે.
સારા સાર વિચાર પ્રવાહમાં,
પાપ પાહાડી રસ્તે ન ખપાય; વિદ્યા ભણિયે.
કામ ક્રોધ, મોહ, મત્સર લોભાદિ,
લોહ જંજીરથી નવ બંધાય; વિદ્યા ભણિયે.
સદ્ગુણ ખાણીએ સ્નેહ સાંકળી,
નીતિ સહુ પાળો (જે ભણી) વાત વા વાત; વિદ્યા ભ.
દુરાગ્રહ કુમતિ, મત્સર મચ્છરો,
ઝાડી જેમ વાટ સુકાય; વિદ્યા ભણિયે.
સંપ સાથી સાથે મળી સંચરો,

વિદ્યાં વાહાણે સહુ સુખી થાય; વિદ્યા ભણિયે.
પછી અજ્ઞાન અલ્પ વિદ્યા હોડી,
જ પાણિમાં દુઃખ રેલે રેલાય; વિદ્યા ભણિયે.
અભ રયાં સામે પૂર સૂમે અડી,
વીપત્તી ખડકે ભટકાય; વિદ્યા ભણિયે.
આશા ત. ફાને અવટાઈ અધવચે,
હોડી દાળિ દ ખડકે અપાય; વિદ્યા ભણિયે.
સિધો સત્ય (લેશે હંકારતાં,
હોડી સુકીર્તિ કાંઠે કહાય; વિદ્યા ભણિયે.
વણ સુધિ હલેશાં સુસદ વના,
જરા ઘોડી મારગ સહાય; વિદ્યા ભણિયે.

* પુર્વિ (ગયાવલોકન.

(૨) પદ રાગ ગીતમાં.

કાણે કાણે કાંકણીયાળી સૂડીરે. એ ચાલ.
ભણિયે બ્હેની, ભણતર ભાવે ભણિયેરે;
ગણિયે બ્હેની, વિદ્યા ગુણ ગણ ગણિયેરે.
ચણિયે ચિત્ત, ચતૂરાઈ ભીંત ચણિયેરે;
બણિયે બ્હેની, બાહાદુર જેથી બણિયેરે.
ભરિયે ભવમાં, ભલપણ ભાવે ભરિયેરે;
કરીયે રૂડા, અથાગ ઉદ્યોગ કરિયેરે.
વરિયે વિદ્યાવંત વિવેકી વર વરિયેરે;

* પૂરાવથી મજબુતિ કરનારને જોઈ જવું.

ઠરિયે ઠરવા, ઠામ શોધી ઠીક ઠરિયેરે.
તરિયે ત્રિભૂવંન પતિ પ્રેમ તરિયેરે;
ફરિયે રાખી ફીકર ફંદે ન ફરિયેરે. ૫
પળિયે પ્રેમ નીતિ મારગ નીત્ય પળિયેરે;
ભળિયે વિદ્યા, ભણવા ભાવ શું ભળિયેરે.
ભણતાં ગણતાં, ભવની ભાવઠ ભાગેરે;
ઉદ્યમિને ઘર, સ્વર્ગનાં સુખડાં જાગેરે.
સાનુંકૂળતા, અકલબાજ અવાશેરે.
દંપતિ જ્યા સુખી સદ વિદ્યાભ્યાશેરે.

સમજુપણે ગુણદોષ પારખી ભણેલા વર વરવા વિષે..

(૩) પદ. રાગ ગરબીમાં.

અચકો મચકો કારેલી. એ ચાલ.

રૂપે રૂંધાઈ કૂપ કાં પડિયે;
ભળિયે સદ્ગુણ સભાગી બહેન, ભણિ વિદ્યા ગુણ ગણુ લેખા.
આરંભે આપે આદરિયે;
કરીયે પોતે શોધ સારી બહેન, વરવા વિદ્યાવંત વિવેકા.
સદાચરણે સદાચરણી;
કરણી દેખી ડગ ભરિયે બહેન, ભણિ વિદ્યા.
માયાળૂ છે કે, મન મેહેલા;
મેહેલા મેખી પરવરિયે બહેન, વરવા વિદ્યાવંત.
આદરશ્યા અંતર ઓળખિયે;

સખી એમ છે શાંતા કે શાણા બ્હેન, ભણિ વિદ્યા.
અકરા થાઓ શાને આપ અડી;
ડી શ્રીપતિ પાશ અજાણ્યા બ્હેન, વરવા વિદ્યા.
કુરા ગ્રહી છે કે દીલ ડાહ્યા;
શાહ્યા પેલા ફર લહીયે બ્હેન, ભણિ વિદ્યા.
વિચક્ષણ ને સુશિળ વૃતિ;
મનનાં મિંઠા વશ કરિયે બ્હેન વરવા વિદ્યા.
ખરા પરમારથ પ્રેમ ધરા;
પરા પાખંડ પ્રપંચે બ્હેન, ભણિ વિદ્યા.
ક્રોધિ કામિ, કુટિલ કૃપણ એ;
સ્વપ્ને કપટી નહીં રંચે બ્હેન, વરવા વિદ્યા.
સંપાનુંરાગિ સત્ય વક્તા;
લગતા લાયક ગુણ સખા બ્હેન, ભણિ વિદ્યા
નીતિ સદ ન્યાય તણા નેહી;
પ્રીતમ પ્રીતરૂજુ પેખી બ્હેન, વરવા વિદ્યા.
રૂપે નવ રાચી ગુણ જાચી;
સાચી વિદ્યા વશ થાવું બ્હેન, ભણિ વિદ્યા.
મહન શકિત શુ સ્નેહ સખા;
નીરરોગી નરને ચહાવું બ્હેન, વરવા વિદ્યા.
વિદ્યાભ્યાસિક વીરલા વરને;
વરવા વરવા મંમાવું બ્હેન, ભણિ વિદ્યા.
ભણેલા ભવ ભરથાર કરી;

જટાશંકર સોહાવું બહેન, વરવા વિદ્યા.

પુર્વિ છાયાવલોન.

(૪) ૫૬. રાગ ગરબીમાં

સખિ સાંજના ચાર ઝપાયારે, લઈ ખાંમણિયાં.
સીતાએ સ્વયંવર કીધારે, ઇચ્છાવર વરવા.
રૂખમણિજીએ જશ લીધારે, ઇચ્છાવર વરવા.
સેલજા સતિ ઊમયારે, ઇચ્છાવર વરવા;
શિવ સારૂ તપોવંન ગયારે, ઇચ્છાવર વરવા.
સમાજે ધનુષ્ય બાણ તાક્યુંરે, ઇચ્છા વર વરવા;
કૈક ભૂપતિનું માન મોડ્યુંરે, ઇચ્છાવર વરવા.
મન માનેલા શુ મોહ્યારે, ઇચ્છાવર વરવા;
બાલ પુરાતની ચાહી આવ્યારે, ઇચ્છાવર વરવા.
હરિશ્ચંદ્ર નૃપ હિતહાનીરે, ઇચ્છાવર વરવા;
નલ દમયંતિ પ્રીત માનીરે, ઇચ્છાવર વરવા.
દંપતિ વીજોગે દુખાણારે, ઇચ્છાવર વરવા;
રાંમજી સિતાસતિ સાણીરે, ઇચ્છાવર વરવા.
સાચા પ્રીતિ પાલવ નવ છુટયોરે, ઇચ્છાવર વરવા;
સ્નેહ બંધ બનેનો ન તુટયોરે, ઇચ્છાવર વરવા.
સુર્પનખાએ છલિ છળ કીધોરે, ઇચ્છાવર વરવા;
રાંમ વરવાનો અર્થ ન સિધ્યોરે, ઇચ્છાવર વરવા.
સતિ સીતા સવાણુ સંતાપ્યારે, ઇચ્છાવર વરવા;
સં[illegible] સખા સરાખારે, ઇચ્છાવર વરવા.

શામ દામ દંડ ભેદ બેધારે, ઇચ્છાવર વરવા;
શાખ અંગદ કરણ નાક છેદ્યારે, ઇચ્છાવર વરવા.
શિવ કરૂપે ડગ્યા ન સતિરે, ઇચ્છાવર વરવા;
શુભ દાશી સા પારખી પતીરે, ઇચ્છાવર વરવા.
પગ ધુવને દાસિ પેટ ભર્યુંરે, ઇચ્છાવર વરવા;
ઘટા બાળુક રૂપે મન હર્યુંરે, ઇચ્છાવર વરવા.

પતિની પ્રીતિ મેળવવા વિશે.

પ્રમાણીકા રૂપકાલંકાર.

(૫) પદ—રાગ ગરબીમાં.

લાવ લાવ સખી એક કાગળ લખીએ હરીનેરે.
પતિ મુખ વચન શિ સુખેણ, ચંદની વાણીરે;
મૃત જીવાડણ સુખદેણ, સુધા હિત જાણીરે.
દર્પ ખાંખ પ્રતિ ખાંખ ભાત, ખીસોરી કાચરે;
પતિના મનમાંની વાત, વરતિ વધું રાચેરે.
પતિ હોયે ખિજાએલ મુખ, બનિએ આનંદીરે;
પિત્ત શાંતિ કારણ જળ કુપ, શિતળ વેણ વંદીરે.
પતિ દુખે દુખિ સુખે સુખ, ડાહી દીલ આણીરે;
ચંદ્ર અસ્તે પોયણીને દુખ, બિડાયે પરાણીરે.
મન કુમ વચને થઇ વશ, પતિ વશ કરિએરે;
અલિ કમળ વાસે ભુલે દશ, સખી મન હરિએરે.
લાભ લેખા ન હોય હજાર, અવર ઉર આણીરે;
સ્નેહ સ્પર્શે પતંગ દીપ ઝાળ, પતિ અંગે આણીરે.

પ્રીતિ માળે સ્નેહ શીઢી ખાગે, પતિને ચડાવીરે"
સુખ વૈભવ ભોગ સરાગે, આ સંસાર બાવીરે.
નીતિ આલય સદ સજી સાન, સંપે સંચરિયેરે.
પતિ પ્રેમોદક કરી સ્નાન, અઘોઘજ હરિયેરે.
પતિ વિશ્વાસ પડવા માટ, વિચારી વદિયેરે;
મૃગજળ વેણ મિથ્યા ઘાટ, કદીયે ન કહિયેરે.
સદ્ગુણ સજી સમશેર, સાથેજ રહિયેરે;
પતિવ્રતાપતિની જાણી પેર, સાહ્યતા કરિયેરે.
સત્ય સાધનથી ઘર કામ, કારણ કાજુરે;
મળવિચે મનોહર નામ, જીવન જગ ગાજુરે.
દુનિયામાં દાખલા રૂપ, સદ કામે સોહિયેરે;
જ્યા જો સર્વાંગ સ્વરૂપ, પતિ પ્રેમે પ્રોઈએરે;

પુર્વી છાયાવલોકન.

(૬) પદ રાગ ગરબીમાં.

તમે જોજો અલિ બાત બાઈ હિંદવાણી.
મારા કુબજાશું કાન પ્રૌઢ પ્રિત માની.
રાધા રાણી રૂક્યું માન પ્રૌઢ પ્રીત માની.
કીધું મીરાં વિષ પાન, પ્રૌઢ પ્રિત માની.
રાણાજીનું છાંડયું માન પ્રૌઢ પ્રિત માની.
પુરીબાઈ વરદાન પ્રૌઢ પ્રિત માની.
ભાવે મહમા ભગવાન પ્રૌઢ પ્રિત માની.
શિવે દીધાં વરદાન પ્રૌઢ પ્રિત માની.

સતિ હરે અમમાં હાંણુ પ્રૌઢ પ્રિત માંની.
દશરથે કેકે કેણુ (આપ્યું) પ્રૌઢ પ્રિત માંની.
તજ્યા પ્રાણ શખ્યું વેણુ પ્રૌઢ પ્રીત માંની.
રામે મૃગ વધ કાજ પ્રૌઢ પ્રીત માંની.
સીતા કેણે સજ્યા સાજ પ્રૌઢ પ્રીત માંની.
સમુદરે બાંધી પાજ પ્રૌઢ પ્રીત માંની.
આણ્યો રાવણને વાજ પ્રૌઢ પ્રીત માંની.
પતિ થવા પશુ આજ પ્રૌઢ પ્રિત માંની.
કરો કાંઈ જરા કાજ પ્રૌઢ પ્રીત માંની.

શિયળ સાચવવા વિષે.

પ્રમાણોક્ત.

(૭) પદ રાગ ગરબીમાં.

દેખિ મિત્રો દુખ સરવ ટળોરે આપણા દેશનું. એ ચાલ.

વિદ્યાવંતી વિવેકી સુજનીરે શિયળ સાચવિયે.
દુરીજન દુર વચન ન દીલ ધરો,
નીજ પતિવ્રતનું પુર જતન કરો;
સાચવવા શીયળ ફીકરે કરો, વિદ્યાવંતી વિ.
પાખંડી પુરા પાપી જનો,
દુરાગ્રહી દુષ્ટ પતિત તનો;
ગણી તુચ્છ કરો તમે સુખ મન એો, વિદ્યાવંત વિ.
ખપાવી લાજ ન લાજ થવું,
દોષ લઈ કૂપમાં પડવાજ જવું,

ગાંડાપણું કે આ એથીજ નવું, વિદ્યાવંતી વિ.
આપે અણ હિતજ આપતાણું,
કરવું કૃત કાણું કંઈજ ઘણું;
થવું શીયળ ભંગ એ દુષ્ટ પાણું, વિદ્યાવંતી વિ.
નકટા થઈ નાક વિના ફરવું,
માથે પ્રભુ ડર છતે ના ડરવું;
નિશ્ચે શંસય નર્કે સંચરવું, વિદ્યાવંતી વિ.
વણ ચક્ષુ વિશ્વ લીલા પેઠે,
જીવ્હા વણ વેણ નાવે કંઠે;
શીયળ ભંગે સહુ સુખ વેઠે વિદ્યાવંતી વિ.
વણ પાંખ ચડી એમ આડવું,
અપંગ આપે પંથે પડવું;
ત્યમ શીયળવણ મિથ્યા જીવવું, વિદ્યાવંતી વિ.
વણ નૌકા સિંધુ પાર જવું,
સામેપુર તૂંબી વિના તરવું;
વગર મોતે થાયે મરવું, વિદ્યાવંતી વિ.
આભૂષણ વસ્ત્ર વિના અંગે,
વણ વસ્તી વસવું ઉમંગે;
ત્યમ આ જગ જન શીયળ ભંગે, વિદ્યાવંતી વિ.
જળ ફુવંતા નાખે ઝાવા,
અપચે મિષ્ઠાન મળે ખાવા;
સનેપાત એ જ્ઞાનનાં વરતાવા, વિદ્યાવંતી વિ.

ત્યમ શીયળવણ સાધન સઘળા;
સદ્ગુણ છતે લાગે અધુરા;
ઉજવળતા સહુ સબંધી પરા, વિદ્યાવંતી વિ.
ગ્રહ મંડળ ચંદ્ર વિના તારા,
શિવ પૂજન જ્યમ વણ જળ ધારા;
ત્યમ શિયળ વણના ગુણ સારા, વિદ્યાવંતી વિ.
શીરપાઘ છતે પામર જોડી,
કટીઅંગ દીગાંબર દશ ઓઢી;
ત્યમ શિયળ વણ નીતિ પ્રૌઢી, વિદ્યાવંતી વિ.
પાંડ રોગી વૈભવ મન માતા,
કદરૂપા આપે દિલ દાહાતા;
ત્યમ શિયળવણ ગુણ લજવાતા. વિદ્યાવંતી વિ.
શિયળ ગુણ ગણને બલિહારી,
જટાશંકર વારી વારી;
પ્રીતિ રાખો સહુ નરનારી, વિદ્યાવંતી વિ.
શીયળ પાળે પતિ વશ થશે,
શીયળ પાળે અપોધ જશે;
શીયળ પાળે પ્રભૂ પ્રશન થશે, વિદ્યાવંતી વિ.
શીયળ પાળે યુજવળ કીરતી,
શીયળ પાળે રહે સદવૃતિ;
શીયલ પાળે પામે મુક્તિ, વિદ્યાવંતી વિ.
શીયળ પાળે નાવે દુખડાં,

શીયળ પાળે સૂભળ સુખડાં;
શીયળ પાળે એ સહુથી વડાં, વિદ્યાવંતી બિ.

માવીતર સૂખ હિત વચન.

(૮) પદ રાગ ધોળમાં.

રામ લક્ષમણ વનમાં સીધાવતાં. એ રાગ.

સદા વસિયે સદાચરણે સાસરે;
સરે જેથી મનોરથ સાર; કો વશ ભરથાર
ડાહી મારી દીકરી.
સાસુ સસરાને કદી ન સંતાપિયે,
આપિયે ન સગાં પરિવાર; ઘટે બીજ કાર ડાહી.
ધીરધારી ઘર ધંધામાં ધાયિયે,
જાયિયે ન વિના કામે બહાર; ઘડિયે પરદ્દાર ડાહી.
કાર્ય કરીએ જેથી જશ જગ્યા વધે,
વધે વધૂ વાળપ સહ પ્યાર; રીઝે ભરતાર ડાહી.
બીજ વડિલ સુવેણ માની લીજે,
કીજે મન તોલ સાર અસાર; ન વદિ કૂ ઉચ્ચાર. ડાહી.
મતલબ જેટલું મુખે બોલીયે,
બોલિયે ન બરબ બીજ બાર; ઘટે વ્યવહાર. ડાહી.
ડરી વસિયે દૂરે દૂરીજન થકી,
છે દુર્લભ આચાર; રાખીયે વિચાર. ડાહી.
આછાં મહસૂક આવીસે ન પેરિયે,
ધરીએ જે આગે ભવ બાર; ચાલો સદ ચાલ ડાહી.

કુડા જનનાં કથન ન કાને ધરી,
જડા સહ સંગતે ખોટા સાર; સુખીતા સંસાર. ડાહી.
મા બીતરનું રૂડું આપે જે રીતે;
રીતે વસિયે સાસરા મોઝાર; સફળ અવતાર. ડાહી.

પતિત વરની પ્રેમદાનું વિતક.

(૯) પદ રાગ ગરબીમાં.

તજો તમે કેક કરમ કરવું, જેથી થાય માન વિના મર
ણું; તજો તમે.

પતિ મારે પતિત અભણ એ દી,
માબાપનાં પાપે દીઠાં એ દી; સુખશે એ જાણી સખી કેવા
નકામા નવરા બેઠા કાં લડે,
કરે આહાર ઊંઘે કે આરડે;
અધાધામ ખોટી જાતે એ ચડે. પતિ મારે.
માબાપનાં પાપે દીઠાં એ દી; સુખશે એ.
સારાસાર વિચાર નવ આણે,
મિથ્યા મત આપતણો તાણે;
પળેદૂર પંથ પોતે પ્રાણે. પતિ મારે.
માબાપનાં પાપે દીઠાં એ દી. સુખશે એ.
છાની વધે સમજાવું જે સમજે,
ભલું કહેતાં બુડાઈ તેને ભજે;
ગાજી ઉઠે ગાંડું વિના ગમ જે પતિ મારે.
માબાપનાં પાપે દીઠાં એ દી; સુખશે એ.

રવ હિતચિંતક જન ગણું કરે, સુંખી અમી રહો તે ભાઈ. સુ.

કરે કુકરમો કોઈ જન આગે, અધમ આપે ગણાય;
સંકા રહે મનમાં તો જુઓ જઈ, મનુસ્મૃતિની માંય. સુ.

કરે અઘોર કુકર્મ કુલિન આજે, તેનું પુછે નહીં કોઈ;
ગુણ જ આને સદગુણી સંતાપે, જે સદ કુલિન સોય. સુ.

શાસ્ત્ર ધર્મ ચાલ અસલી ક્યાં રહયો, કહો સ્વદેશિ. આપ.
જે જેને જેમ ફાવે તેમ બોલે, નથી નીયમ કાંઇ આપ. સુ.

મિથ્યા કુલીને કરોન કજોડાં, પૂત્ર પૂત્રિ ફસે દુખ જાળ.
કજોડાં દુખથી આવી રહી હદ, નિશાશા નાખે બાળ. સુ.

સદ કુલિન વર વરવા તે સારૂ, પણ તે સજોડુ જ જોય.
પણ કજોડું કરો નહી કદીયે, ભલે પૈસો અતી હોય. સુ.

શરીર રોગી ઊપયોગ ન થાયે, જર હોય ગાંઠે જરૂર.
કહો શા કામનું દેખીને બળવું, છતું જરે વળી ધુળ સુ.

તેમજ દંપતિકજોડું છતાં, જર પણ દુખ હમેશ;
કુલિનનાં નીરધન ભલે આપ, જદ્દ સજોડે પ્રેમેશ. સુ.

નાદાન વરથી ઘણુ નડતર.

પ્રમાણોક્ત.

(૧૧) પદ—રાગ ગરબીમાં.

કેશ્રી સેગર જેનો કંથડો રે, તેના પૂરણ પાપ.
નાદાન ભઈ જેનો નાવલો રે, તેની નારી નિરાશ;
નાદાસિનુ માથુ મોહકું;
હાંરે આવે આળ અનાયાશ; નાદાન ભઈ—

જગતમાં આગળી ચિંધાણું રે હાંસિ લોકોમાં થાય;
નમાલા માંટીની નારને,
હાંરે હોળી દેવે સદાય, નાદાન ભઈ જેનો નાવલો;

સાપ દરે નાં કો સંચરેરે, સહેજે છછુંદર રહાય;
દુર્મદ કૃતિ દારાઓ દીનની,
હાંરે શુરા સહે ના અન્યાય, નાદાંન ભઈ—

એળવી મનુંષ્યો માંકડાંરે, નચવે નચવ્યાં નચાય;
સિંહ દરે કો ન સંચરે,
હાંરે પોચું ભાળી પથરાય, નાદાંન ભઈ—

નમાલા ધણીની નારનેરે, ભાવે ભાજિ ભણાય;
સાપ અગની જળ રેલશું,
હાંરે સુળે હાંશીય ન થાય, નાદાન ભઈ—

સુલભ સમર્થ આગે સહુરે, કદી કવણૂ કરાય;
નદી આગાળે નાં ઓસરે,
હાંરે તળાવે લિબ વાય. નાદાન ભાઈ—

સબળાની વરી માહાલે મનગમ્તુંરે, નબળાની વગોવાય.
સાધવી છતે અણુ સાધવી.
હાંરે લોહચંબક સાય સ્હાય. નાદાન ભઈ—

માટે વરોવર વીરલારે, વિદ્યાવંતી વરાય;
જટાશંકર જેથી જગતમાં;
હાંરે જોણું રોણું ન થાય. નાદાન ભઈ—

દીકરીયોને વિદ્યાદાન દેવા દેશિ જનોને વિનંતી.

(૧૨) પદ રાગમાં.

દો દીકરીને જ્ઞાન બંધુજન, દો દીકરીને જ્ઞાન;
વિદ્યાવણ છે હાણ બંધુજન દો.
અજ્ઞાની જન સહુ આરડતાં;
નાહકનાં નાદાંન,
બાળક બચપણમાં ઊછળતા;

સુચના.

હ! આર્ય ભૂમિ પુરૂષો! આપો આંકી ઓરા આવો, મારે કહેવાનું છે તે હું તમને કહું સાંભળો! મહાન ...ષ્ટ ગૌતમાદિ રાજાઓમાં રામચંદ્રજી જેવા ી પુરૂષો, તેમજ વિક્રમ ભોજાદિ પર દુઃખભં- જીદસાદિ મહા પંડિતો થઇ ગયા તે કોણ! મી આગેના આપણ પોતાનાજ જાત

તેમનું વિદ્યા જ્ઞાન, વિચાર શક્તિ, શૌર્ય અને તેમ નો અકળ વૈભવ—એ સઘળાનો ખ્યાલ જરા નિચા ેશી મનમાં આણો. શું તેમની બરોબરી કરનાર આ જ- ગતમાં હાલ કોઇ શક્તિમાન છે? ના નથીજ. ભાગ્યેજથી કહેવું પડેછે કે તેમાંનું કશું પણ હમણાના આર્યોમાં ર- હ્યું નથી. સર્વોત્કૃષ્ટ પદવીથી આપણું પડતું થવાનું મૂળ, આપણી વિદ્યાનું પળાયન થવું થયું એજ છે.

અરે! ખાર જમીનમાં નિપજેલા વૃક્ષ અને અજ્ઞાન માતાઓથી જન્મેલા બાળકોમાં તે કોઇપણ તાકાત હોય! ભણાવો ભણાવોરે પોતાનું ભલુ ઇચ્છનારા આર્ય બંધુજનો તમારાં બાળક બાળકીઓને ભણાવો.

કવિ જટાશંકર ગવરીશંકર, મેહેતા.

ડીસા.